# એકમ 5 : વિરામચિહ્નો, જોડાક્ષરો, જોડણી

તમે જ્યારે કોઈ લખાણ વાંચો છો અને તે લખાણ તમને ખૂબ જ ગમી જાય છે; વારંવાર વાંચવું ગમે તેવું તમને લાગે છે -આવું લાગવાનું શું કારણ હશે ? તમને કોઈ લખાણ સુંદર લાગે એની પાછળનું કોઈ એક કારણ નથી, ઘણાં કારણો છે. યોગ્ય શબ્દપસંદગી, શબ્દોની ગોઠવણી, વાક્યનો લય, પ્રાસ, વિરામચિહ્નો આ બધી જ બાબતો તે માટે જવાબદાર હોય છે. હવે તમારે આ બધી જ બાબતો જાણવી જોઈએ.

જોડણી, વિરામચિહ્નો, લેખનશૈલી વગેરે વિશે તમે જુદાં જુદાં ધોરણમાં ભણ્યાં છો. મુદ્દાસર અને લંબાણપૂર્વક આપણે તે વિશે ચર્ચા કરવાની જરૂર નથી. પણ હા, તમારે આ મુદ્દાઓ વિશે અનુકૂળતાએ અભ્યાસ કરતાં રહેવું પડશે જ. કોઈ પણ વિષય-મુદ્દામાં કુશળતા લાવવા માટે મહાવરો ખૂબ જ જરૂરી બાબત છે. આપણે લખાણ માટે ખૂબ જ જરૂરી એવી થોડી બાબતો વિશે ટૂંકમાં જોઈએ :

## ■ વિરામચિહ્ન

(1) વાક્ય પૂરું થાય ત્યારે ત્યાં જરૂરી વિરામચિહ્ન મૂકવાની કાળજી રાખો.

(2) કહેવતોને અંતે પૂર્ણવિરામ મૂકવું, પણ કોઈ કૃતિના શીર્ષકને અંતે પૂર્ણવિરામ ન મૂકો. હા, પ્રશ્નચિહ્ન કે ઉદ્ગાર મૂકી શકાય.

(3) કોઈ વ્યક્તિ, સંસ્થા, લાયકાત, ઈલકાબ કે લાંબા શબ્દોનાં ટૂંકાં રૂપો લખો ત્યારે અંતે પૂર્ણવિરામ મૂકો. દા.ત. બી.એ., એમ.બી.બી.એસ., (ભાવનગર) સૌ. (સૌભાગ્યવતી) વગેરે.

(4) ક્રમ બતાવનાર અંક પછી અવશ્ય પૂર્ણવિરામ મૂકો પણ જો અંકની ફરતે કૌંસ મૂકો તો પૂર્ણવિરામની જરૂર નથી.

(5) વાક્ય લાંબું હોય, પાછળના વાક્ય સાથે જોડાયેલું હોય તો આવશ્યકતા મુજબ અલ્પવિરામ કે અર્ધવિરામ વાપરો, પણ જો સંયોજક વાપરો તો ચિહ્નની જરૂર નથી.

(6) પત્રલેખન કરો ત્યારે સંબોધનમાં અને સરનામું લખતી વખતે દરેક વિભાગે અલ્પવિરામ વાપરો. સરનામું પૂરું થાય ત્યારે પૂર્ણવિરામ મૂકો.

(7) 'કારણ કે', 'કેમ કે પહેલાં' અને 'જેમ કે', 'એટલે કે' પછી અલ્પવિરામ ખાસ મૂકવું, જેનાથી પઠન કરતી વખતે સરળતા રહે છે અને વાક્ય અસરકારક બને છે.

(8) લખાણમાં વચ્ચે આવતાં વિશેષ નામ કે જુદા પડતા મહત્ત્વના નામને અવતરણ ચિહ્નમાં મૂકવાં.

(9) વિભક્તિના પ્રત્યયો જે-તે શબ્દની સાથે જોડીને લખાય છે. હિન્દી ભાષામાં પ્રત્યયો અલગ લખવાની પ્રથા છે.

- રમેશના ઘરમાં ટેબલ પડ્યું છે.
- रमेश के घर में टेबल पडा है ।

(10) કોઈ વાક્યમાં પ્રશ્ન પૂછવાનો ભાવ હોય ત્યારે છેડે પ્રશ્નચિહ્ન મૂકીએ છીએ, પણ જો વચ્ચે ઉભયાન્વયી (જોડનાર) હોય તો પ્રશ્નનો ભાવ હોવા છતાં અંતે પ્રશ્નચિહ્ન મુકાતું નથી.

- કંડક્ટરે કહ્યું, બોલો કેટલી ટિકિટ આપું.
- ગાંધીજીએ કહ્યું, મારી સાથે કોણ આવશે.

હવે આ વાક્યોમાં ઉભયાન્વયી 'કે' વાપરવાથી અંતે પ્રશ્નચિહ્ન મૂકવું નહીં.

- કંડક્ટરે કહ્યું <u>કે</u> બોલો કેટલી ટિકિટ આપું.
- ગાંધીજીએ કહ્યું, <u>કે</u> મારી સાથે કોણ આવશે.

ઉપરાંત પેટાવાક્ય પ્રથમ લખ્યું હોય અને પછી મુખ્ય વાક્ય હોય, તથા પેટાવાક્યમાં પ્રશ્નાર્થ હોય તોપણ વચ્ચે પ્રશ્નચિહ્ન મૂકવું નહીં.

- તે <u>કેવી રીતે</u> આવ્યો એ મને ખબર નથી.
- તેને <u>શા માટે</u> ઇનામ મળ્યું એ હું જાણતો નથી.

તમે વિરામચિહ્નો વિશે દરેક ધોરણમાં અભ્યાસ કરો છો, એમ માનીને વિરામચિહ્નો વિશે માહિતી ટૂંકમાં જ રજૂ કરી છે. તમે આ વિશેષ શિક્ષકની મદદ લઈને થોડો મહાવરો કરી લેશો એવી અપેક્ષા છે.

**■ જોડાક્ષરો**

બે વ્યંજનો જ્યારે જોડાય ત્યારે બંનેની વચ્ચે સ્વરની ગેરહાજરી હોય છે- આને આપણે જોડાક્ષર કહીએ છીએ. આપણે મૂળાક્ષરોને 'કક્કા' તરીકે ઓળખીએ છીએ. આપણે એમ માનીએ છીએ કે મૂળાક્ષર-વ્યંજનો ક થી જ્ઞ સુધી હોય છે. વાસ્તવમાં વ્યંજનો 'ક' થી 'ળ' સુધીના જ ગણાય છે. 'ક્ષ' અને 'જ્ઞ' એ જોડાક્ષરો છે, તે સ્વતંત્ર વ્યંજન નથી. મૂળાક્ષરોની યાદીમાં સમાવેશ નથી તેવા શ્ર, ત્ર વગેરે પણ તમે વાપરો છો, એ પણ જોડાક્ષરો છે. બે કે વધારે વ્યંજનો જોડાઈને જોડાક્ષર (સંયુક્તાક્ષર) બને છે ત્યારે એ કયા વ્યંજનો છે તેનો ઘણી વખત આપણને ખ્યાલ હોતો નથી. પરિણામે આપણે તેનું બંધારણ આપણી સમજ મુજબનું કરીને ચલાવી લઈએ છીએ. પરિણામે જોડાક્ષરો બાબતે આપણે સૌથી વધારે ઓછી સમજ ધરાવીએ છીએ. એમાં પણ કેટલાક જોડાક્ષરો તો ખોટી રીતે લખાવાને કારણે ખોટી રીતે બોલાતા પણ થઈ ગયા છે. અરે, ઉચ્ચારણની ખોટી પરંપરા ઊભી થઈ ગઈ છે! તમે આ દિશામાં થોડું વિચારતા થાઓ એવા હેતુથી થોડા મહત્ત્વના જોડાક્ષરો અહીં ઉદાહરણ સાથે આપણે જોઈએ :

| | |
|---|---|
| દ્ધ = દ્ + ધ | સમૃદ્ધ, ઉદ્ધાર, અનિરુદ્ધ, યુદ્ધ, વૃદ્ધ, જીર્ણોદ્ધાર, રિદ્ધિ, સિદ્ધિ, સિદ્ધાંત, પદ્ધતિ, પ્રસિદ્ધ, શ્રદ્ધા, પ્રબુદ્ધ, યોદ્ધો વગેરે. |
| ધ્ધ = ધ્ + ધ | સધ્ધર (શ્રીમંત), અધ્ધર (ઊંચે), સુધ્ધાં (પણ), ઓધ્ધો (હોદ્દો) વગેરે. |
| દ્વ = દ્ + વ | દ્વિપ, દ્વારા, દ્વારકા, વિદ્વાન, દ્વૈત, દ્વેષ, દ્વારપાલ, દ્વીપ, દ્વિધા વગેરે. |
| દ્ર (દ્ર) = દ્ + ર | દરિદ્ર, નિદ્રા, રૌદ્ર, દ્રાક્ષ, દ્રાવણ, મહેન્દ્ર, નરેન્દ્ર, દ્રષ્ટા, દ્રવિડ, જયેન્દ્ર વગેરે. |
| દ્મ = દ્ + મ | પદ્મ, (કમળ), સદ્મ (ઘર), છદ્મ (બનાવટ, ઢોંગ) |
| દ્દ= દ્ + દ | વદ્દી, ગદ્દાર, મુદ્દલ, અદ્દલ, જિદ્દી, મુસદ્દો, મુદ્દો, ખદ્દડ, (ઘટ્ટ, જાડું) વગેરે. |
| દ્ય = દ્ + ય | વિદ્યા, ગદ્ય, પદ્ય, સદ્ય (અત્યારે જ), ખાદ્ય, મદ્ય (દારૂ), વાદ્ય, દ્યુતિ (તેજ), ઉદ્યોગ વગેરે. |
| સ્ર = સ્ + ર | રક્તસ્રાવ, સ્રોત (પ્રવાહ), સહસ્ર (હજાર), તમિસ્ર (અંધારું), હિંસ્ર (હિંસક), સ્રષ્ટા (રચયિતા) સ્રગ્ધરા (એક છંદ) |
| સ્ત્ર= સ્ + ત્ + ર | સ્ત્રી, અસ્ત્ર, શસ્ત્ર, વસ્ત્ર, ત્રસ્ત્ર. |

આ ઉપરાંત 'ત્ન', 'ત્ત', 'પ્ર', હ્ર', 'લ્ય', 'શ્ચ', 'ક્ષ', 'જ્ઞ', 'શ્ર', 'ત્ર', ધ્ય વગેરે જોડાક્ષરો આપણે વાપરીએ છીએ. તમારા શિક્ષકની મદદથી આ જોડાક્ષરોનાં બંધારણ સમજો અને તેનો ઉપયોગ થયો હોય તેવાં ઉદાહરણો તપાસો.

તમે વાચન કરો ત્યારે કોઈ અઘરી જોડણી ધરાવતો શબ્દ આવે, જોડાક્ષર આવે, રેફ આવે કે અવળી માત્રા આવે ત્યારે થોડો સમય અટકી વિચારવાની ટેવ કેળવો. શરૂઆતમાં થોડો સમય આ પ્રમાણે કરવાથી પછી અનાયાસે-આપોઆપ તમારી આંખોને એ પ્રમાણે જોવાની અને ચિત્તને આ મુજબ નોંધવાની ટેવ પડી જશે.

**■ જોડણી :**

જે-તે અક્ષર-મૂળાક્ષરને લખવાની રીત એટલે જોડણી. આપણી ગુજરાતી ભાષાની જનની સંસ્કૃત ભાષા છે, એટલે આજે આપણા લખાણમાં ઘણા સંસ્કૃત (તત્સમ) શબ્દો વપરાય છે અને ઘણા શબ્દો સંસ્કૃતમાંથી પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં ફેરફાર થઈને (તદ્ભવ-તેમાંથી ઉત્પન્ન થયેલા) ગુજરાતીમાં ઊતરી આવ્યા છે.

ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ દ્વારા શબ્દોની એકધારી જોડણી રહે તે માટેનો સ્તુત્ય પ્રયાસ થયો છે. દરેક જણે એ મુજબ જ જોડણી કરવી એવી સંમતિ સધાઈ છે.

સંસ્કૃત જોડણીના નિયમો યાદ રાખવાના બદલે, આપણે ત્યાં વપરાતા સંસ્કૃત શબ્દોની જોડણી જ યાદ રાખવી સરળ પડે છે. અહીં ગુજરાતી (તદ્ભવ) શબ્દોની જોડણી માટે ઉપયોગી એવા અને વારંવાર વપરાતા હોય એવાં ઉદાહરણો સાથેના થોડા નિયમો આપણે જોઈએ :

(1) શબ્દમાં આવતા જોડાક્ષરને લીધે જ્યાં આગલા અક્ષરને થડકો લાગતો હોય ત્યાં 'ઈ'કે 'ઉ' હ્રસ્વ લખવાં.

ઉદાહરણ : શિસ્ત, જિલ્લો, બિસ્તરો, ઇસ્તરી, જુસ્સો, ગુસ્સો, વિશ્વ, મિસ્ટર, લિસ્ટ, ચિઠ્ઠી, ખિસ્સું વગેરે.

(2) જ્યાં કોમળ અનુસ્વાર આવતો હોય (અન્ય અનુનાસિકો 'ન', 'મ', વગેરે ન મૂકી શકાય.) ત્યાં હ્રસ્વ 'ઇ'-'ઉ' ન કરતાં તેને દીર્ઘ લખવાં. 'વીંટી'ને 'વિન્ટી' કહી શકાય ? નહીં ને ! માટે 'વી' દીર્ઘ લખવો.

ઉદાહરણ : જુઓ - ઊંટ, ગૂંથવું, ઢીંકો, ગૂંચ, પૂંછ, ઈંટ, વીંટ, લૂંટ, ઝૂંપડી વગેરે.

(3) ચાર કે તેથી વધુ અક્ષરવાળા શબ્દોમાં પ્રથમ અક્ષર 'ઇ' કે 'ઉ' હ્રસ્વ લખવાં.
ઉદાહરણ : મિલકત, ઇમારત, શિખામણ, ચુકવણી, ઉકરડો, પિચકારી, નિસરણી, મિજબાની, ગિરનાર, સુતરાઉ, કિનખાબ, કિલકિલાટ, ગુલમહોર, ઉદાહરણ વગેરે, આવો શબ્દ સમાસ હોય ત્યારે જોડણી મૂળ શબ્દની હોય તેમજ રાખવી. 'દીવો'માં 'દી' દીર્ઘ લખાય છે, તેની સાથે 'સળી' શબ્દ જોડાઈને 'દીવાસળી' બને છે. અહીં ચાર અક્ષર થવા છતાં 'દી' ને દીર્ઘ લખવો.
ઉદાહરણ : ભૂલચૂક, દીવાબત્તી, મીણબત્તી, ચૂપચાપ, બીજાંકુર, કૂચકદમ, શૂરવીર વગેરે.

(4)બે કે બેથી વધુ અક્ષરના શબ્દમાં લઘુ અક્ષરની પહેલાં ઈ કે ઊ (દીર્ઘ) લખવા અને ગુરુ અક્ષરની પહેલાં 'ઇ' કે 'ઉ' હ્રસ્વ લખવા. લુહાર ('હા' ગુરુ અક્ષર છે તેથી 'લુ' હ્રસ્વ છે.) ચીપિયો ('પિ' લઘુ અક્ષર છે તેથી 'ચી' દીર્ઘ છે.)
ઉદાહરણ : ભિખારી, કિનારી, બિલાડી, શિકારી, ઘૂમટો, પૂતળી, દિવાળી, વિભૂતિ, પ્રતીતિ વગેરે.

(5)રેફ પહેલાં આવતાં 'ઈ' કે 'ઊ' દીર્ઘ લખવા.
ઉદાહરણ : કીર્તિ, મૂર્તિ, ચૂર્ણ, પૂર્ણ, સૂર્ય, મૂર્ખ, મુહૂર્ત, પૂર્ણિમા, ઉત્તીર્ણ, આશીર્વાદ, શીર્ષાસન, શીર્ષક વગેરે.
અપવાદ : ઉર્વશી, કારકિર્દી.

(6)'ય'- 'યા'- 'યું'- 'યો' પહેલાં 'ઇ' (હ્રસ્વ) લખાય છે.
ઉદાહરણ : કોડિયું, વાણિયો, તકિયો, પાણિયારું , કડિયો, ઇયળ, વરિયાળી, ફરિયાદ, અગિયાર, હોશિયાર, ફરજિયાત, શિયાળ, કાળિયાર, કીમિયો વગેરે.

(7)'ઇક' અને 'ઇકા' પ્રત્યય લાગીને બનેલા શબ્દોમાં 'ઇ' (હ્રસ્વ) રાખવી.
ઉદાહરણ : વાર્ષિક, દૈનિક, અઠવાડિક, માસિક, સામાજિક, નૈતિક, નિયમિત, બાલિકા, સંચયિકા, પીઠિકા, ભૂમિકા, નવલિકા, અનુક્રમણિકા વગેરે.

(8)'ઈત' અને 'ઈતા' પ્રત્યય લાગે ત્યારે 'ઇ' હ્રસ્વ લખવી પણ 'ઈની' પ્રત્યય લાગે ત્યારે 'ઈ' હ્રસ્વ અને 'ની' દીર્ઘ લખવાં.
ઉદાહરણ : રચિત, દયિત, પરિચિત, આજ્ઞાંકિત, પ્રકાશિત, પરિતા, સુનિતા, સરિતા, કવિતા, શિખરિણી, વિદ્યાર્થિની, કામિની, રાગિણી, રોહિણી વગેરે.

**સ્વાધ્યાય**

1. 'દ્ધ' અને 'દ્વ' જોડાક્ષરો ધરાવતા શબ્દ જેમાં હોય તેવાં દસ-દસ વાક્યો પાઠ્યપુસ્તકની ગદ્યકૃતિઓમાંથી શોધીને લખો.
2. 'ચક્રવાકમિથુન' કાવ્યમાં રહેલા જોડાક્ષરો ધરાવતાં પચીસ પદોની યાદી બનાવો. આ બધાં પદોના યોગ્ય-સાચા ઉચ્ચારનું રટણ કરો.
3. આ પ્રકરણમાં સમજાવેલા જોડણીના આઠેય નિયમો મુજબનાં, પણ અહીં ન આપ્યાં હોય તેવાં, પાંચ-પાંચ ઉદાહરણો લખો.
4. ચારથી પાંચ જુદા જુદા પ્રકારનાં વિરામચિહ્નો જેમાં સમાવિષ્ટ હોય તેવો કોઈ પણ એક, આ પાઠ્યપુસ્તકની બહારનો પરિચ્છેદ લખો.

•